SVS

# સબકા વિશ્વાસ
## (વારસો વિવાદ નિવારણ)
# યોજના-૨૦૧૯
કેન્દ્રીય ઉત્પાદ શુલ્ક અને સેવાકર માટે

**એક નવી શરૂઆત કરો!**



વધુ જાણકારી માટે લોગ ઓન કરો.

@CBIC_India

cbicindia

www.cbic-gst.gov.in

सत्यमेव जयते

# સબકા વિશ્વાસ
## (વારસો વિવાદ નિવારણ)
## યોજના, 2019

કરદાતા સેવા મહાનિદેશક

કેન્દ્રીય અપ્રત્યક્ષ કર અને સીમા શુલ્ક બોર્ડ

# સબકા વિશ્વાસ (વારસો વિવાદ નિવારણ) યોજના, 2019

## ઉદ્દેશો

- સેન્ટ્રલ એક્સાઈઝ અને સર્વિસ ટેક્સના ભૂતકાળના વિવાદોની પતાવટ માટે એક જ વખતનું પગલુ.
- બિન-સુસંગત કરદાતાઓને સ્વૈચ્છિક જાહેરાત કરવાની તક પ્રદાન કરવી.

## યોજના હેઠળ આવરી લેવામાં આવતા કેસ

- કારણદર્શક નોટિસ જે 30 મી જૂન, 2019 ના રોજ અનિર્ણિત છે તેમાંથી ઉદભવતી એક કારણદર્શક નોટિસ અથવા અપીલ
- બાકી રકમ
- પૂછપરછ, તપાસ અથવા ઓડિટ જ્યાં રકમ 30 જૂન, 2019 ના રોજ અથવા તે પહેલાં નક્કી છે.
- સ્વૈચ્છિક જાહેરાત.

## યોજનામાંથી બાકાત

- સેન્ટ્રલ એક્સાઇઝ એક્ટ, 1944 ની ચોથી સૂચિમાં ચોથા નંબર પર નિર્ધારિત આબકારી જકાતને પાત્ર માલના સંદર્ભનાં કેસ (જેમાં તમાકુ અને નિર્દિષ્ટ પેટ્રોલિયમ ઉત્પાદનોનો સમાવેશ થાય છે).
- કેસો કે જેના માટે કરદાતાને સેન્ટ્રલ એક્સાઈઝ એક્ટ, 1944 અથવા ફાયનાન્સ એક્ટ, 1944 હેઠળ દોષિત ઠેરવવામાં આવ્યા છે.
- ખોટા રિફંડ સાથે સંકળાયેલા કેસો.
- સેટલમેન્ટ કમિશન સમક્ષ બાકી કેસ.

## યોજના અંતર્ગત લાભો

- વ્યાજ, પેનાલ્ટી અને ફાઈનની કુલ માફી.
- કાર્યવાહીમાંથી મુક્તિ.
- ચુકાદા અથવા અપીલમાં પેન્ડિંગ કેસોમાં, શુલ્ક માંગમાંથી 70% ની રાહત મળશે જો તે રૂ. પચાસ લાખ કે તેથી ઓછી હશે અને 50 % ની રાહત મળશે જો તે રૂ. પચાસ લાખ કે તેથી વધારે હશે.
- તપાસ અને ઓડિટ હેઠળના કેસોમાં સમાન રાહત, જેમાં 30 જૂન, 2019 ના રોજ અથવા તે પહેલાં શુલ્ક નિર્ધારિત છે.
- બાકી રકમની બાબતમાં, આપેલી રાહત એ નિર્ણિત કરાયેલ રકમના 60% છે જો તે જ રૂ. પચાસ લાખ છે કે તેથી ઓછા અને અન્ય કિસ્સાઓમાં તે 40% છે.
- સ્વૈચ્છિક જાહેરાતના કિસ્સામાં, ઘોષણાકર્તાએ જાહેર કરેલ શુલ્કની સંપૂર્ણ રકમ ચૂકવવાની રહેશે.

## યોજનાની અન્ય સુવિધાઓ

- પહેલેથી શુલ્ક માટે કરેલ કોઈપણ જમા રાશીની ગોઠવણની સુવિધા.
- સમાધાનના બાકી લેણાં માત્ર ઇલેક્ટ્રોનિક રૂપે રોકડમાં ચૂકવવાના હોય છે અને પાછળથી ઇનપુટ ટેક્સ ક્રેડિટ તરીકે મેળવી શકાતા નથી.
- વિચારાધીન કાર્યવાહીનું સંપૂર્ણ અને અંતિમ સમાપન. એકમાત્ર અપવાદ એ છે કે જવાબદારીના સ્વૈચ્છિક જાહેરાતના કિસ્સામાં, એક વર્ષના સમયગાળામાં ખોટું જાહેરનામું ફરીથી ખોલવાની જોગવાઈ છે.
- યોજના હેઠળની કાર્યવાહી ભૂતકાળ અને ભવિષ્યની જવાબદારીઓ માટેના દાખલા તરીકે માનવામાં આવશે નહીં
- અરજીના 60 દિવસની અંદર અંતિમ નિર્ણયની જાણ કરવામાં આવશે
- કોઈપણ મતભેદના કિસ્સામાં વ્યક્તિગત સુનાવણીની તક વિના કોઈ અંતિમ નિર્ણય નહીં
- યોજના હેઠળની કાર્યવાહી સંપૂર્ણ સ્વચાલિત કરવામાં આવશે